સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. સાબરડેરી, હિંમતનગર.
સબપોસ્ટ : બોરીયા, નેશનલ હાઇવે નં. ૮, હિંમતનગર, પીન- ૩૮૩૦૦૬

પીએસપી/એએચ/૨૦૨૬-૨૭ તા. ૧૩.૦૭.૨૦૨૬

## પરિપત્ર નંબર - ૨૨

પ્રતિ,
ચેરમેનશ્રી/ સેક્રેટરીશ્રી,
ધી ................................ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.,

મહાશયશ્રી,

આથી સંઘ સંયોજિત તમામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને જણાવવાનુકે પ્રવર્તમાન સમયમાં સંઘ ધ્વારા નીચે જણાવ્યા મુજબ છ કંપનીઓ દ્વારા દૂધ મંડળીઓને મકાઇ સાયલેજ પૂરું પાડવાનું આયોજન કરેલ છે. સભાસદોની માંગણીને ધ્યાને લઈ સંઘ સહાયથી આગામી તારીખ ૧૩.૦૭.૨૦૨૬ થી નીચે મુજબના ભાવથી વેચાણ આપવામાં આવશે.

| અ.નં. | કંપનીનું નામ | પેકીંગ યુનિટ | કિલો દીઠ ભાવ રૂપિયા | સંઘ સહાય રૂપિયા | વેચાણ ભાવ રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧ | **નેચરલ સાયલેજ** | **ગાંસડી** | ૬.૮૦ | 0.30 | ૬.૫૦ |
| ૨ | **ધનલક્ષ્મી એગ્રો સાયલેજ** | **ગાંસડી** | ૬.૮૦ | 0.30 | ૬.૫૦ |
| ૩ | **ઉમા સાયલેજ** | **ગાંસડી** | ૬.૮૦ | 0.30 | ૬.૫૦ |
| ૪ | **દાદુરામ સાયલેજ એગ્રો** | **ગાંસડી** | ૬.૮૦ | 0.30 | ૬.૫૦ |
| ૫ | **યોગી એગ્રો** | **ગાંસડી** | ૬.૭૦ | 0.30 | ૬.૪૦ |
| ૬ | **કામધેનુ ડેરી ફાર્મ** | **ગાંસડી** | ૬.૭૦ | 0.30 | ૬.૪૦ |

### મકાઈ સાયલેજ મેળવવાની શરતો:

૧. દૂધમંડળી ધ્વારા સાયલેજના જથ્થાનો ઓર્ડર મંડળીના લેટરપેડ/ઓર્ડરબુકમાં સભાસદના નામ અને કોન્ટેકટ નંબર તેમજ **કંપનીના નામનો ઉલ્લેખ** સહિતની વિગતે સંઘના એએચ કોમ્પલેક્ષ/વેટરનરી વિભાગ ખાતે મોકલી આપવાનો રહેશે.
૨. સભાસદનું નામ, કંપનીનું નામ તથા કોન્ટેકટ નંબરનો ઉલ્લેખ કર્યા વગરના ઓર્ડર ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં.
૩. મકાઈ સાયલેજનો ઓર્ડર **ઓછામાંઓછો ૫ ટનનો** મોકલી આપવાનો રહેશે ,ઓછા વજનનો ઓર્ડર માન્ય ગણાશે નહિં.
૪. દૂધમંડળીએ જણાવેલ એક જ સ્થળે સપ્લાયર ધ્વારા મકાઈ સાયલેજ ઉતારવામાં આવશે.
૫. દૂધ મંડળી / સભાસદે રૂબરૂ પોતે મકાઈ સાયલેજ ગાંસડી અને વજન પાવતી વગેરે જોઈ, ચકાસી મકાઇ સાયલેજનો જથ્થો સ્વીકારવાનો રહેશે.
૬. સંઘ ધ્વારા ઉપલબ્ધ જથ્થાની મર્યાદામાં દૂધમંડળીઓને વહેલા તે પહેલાના ધોરણે સાયલેજનો જથ્થો પૂરો પાડવામાં આવશે, જેની નોંધ લેશો.
૭. સાયલેજ ગાંસડીઓના પ્લાસ્ટીક પેકીંગ મટીરીયલ્સના નિકાલથી પર્યાવરણને નુકશાન ન થાય તે ધ્યાને રાખી યોગ્ય નિકાલ કરવા વિનંતિ છે.

સદર પરિપત્ર વ્ય. કમિટિની મિટીંગમાં વંચાણે લઇ સભાસદોને માહિતગાર કરવા નોટિસબોર્ડ પર પ્રસિધ્ધ કરવા વિનંતી છે.

આભારસહ...

નોંધ: સ્થળપ્રત ઉપર મેનેજીંગ ડીરેક્ટરશ્રીની સહી છે.

આપનો વિશ્વાસુ
sd/-
( સુભાષચંદ્ર વી પટેલ )
મેનેજીંગ ડીરેક્ટર
સાબરડેરી, હિંમતનગર.

નકલ રવાના
૧. ચેરમેનશ્રી તથા તમામ નિયામક મંડળના સભ્યશ્રીઓ તરફ
૨. તમામ વિભાગીય વડાઓ તરફ
૩. ઇન્ચાર્જશ્રી તમામ શીતકેન્દ્ર/વેટરનરી/એમપીઓ તથા ફિલ્ડ સ્ટાફ તમામ

**સાયલેજ ઓર્ડર માટેનો નમુનો**

પ્રતિ,
મેનેજીંગ ડીરેકટર સાહેબશ્રી,
સાબરડેરી, હિંમતનગર

વિષય:- સાયલેજ સપ્લાય કરવા બાબત......

મે.સાહેબશ્રી,

સવિનય ઉપરોકત વિષય અને સંઘના પરિપત્ર નં.......... તા......................... મુજબ અમારી દૂધમંડળીના નીચેની વિગતે દર્શાવેલ સભાસદો માટે સંઘના નીતિ-નિયમો મુજબ સાયલેજ પુરુ પાડવા તેમજ થતી રકમ અમારી મંડળીના દૂધ બીલ માંથી કપાત કરવા સહમતિ આપવામાં આવે છે.

| અ.નં | સભાસદનું નામ | કોન્ટેક્ટ નંબર | સાયલેજ ટનમાં | કંપનીનું નામ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

ચેરમેનશ્રી/ સેક્રેટરીશ્રી,
............................................ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.,

મંડળી કોડ નંબર : ..................................